O/C

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ
ગાંધીનગર

# ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ

ગ-૩ સર્કલ પાસે, સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર કેમ્પસ
સેક્ટર – ૧૨ ગાંધીનગર
Email:-grsbg2020@gmail.com

ડો. કે કે કરકર
ખાસ ફરજ પરના અધિકારી
ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ
ગુ.રા. ગાંધીનગર

જા.નં.૨૦૨૧-૨૨/193 તા.૦૫/૦૭/૨૦૨૧

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: 1486
શાખાનું નામ: યોજના
તારીખ: ૧૫/૭/૨૨
સહી:

પ્રતિ,
કમિશનરશ્રી,
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર.

વિષય: 'સંસ્કૃત શિક્ષક કાર્યશાળા' યોજવા બાબત.
સંદર્ભ: શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: સસક/૧૦૧૯/૧૧૪/છ, સચિવાલય, ગાંધીનગર
તા.૨૬/૧૦/૨૦૨૦.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, સેક્ટર – ૧૨, ગાંધીનગર ખાતે તા:૨૧/૦૧/૨૦૨૧ના રોજ માનનીય શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ (શિક્ષણમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય) દ્વારા ઉદઘાટિત થયેલ છે.

સંસ્કૃત બોર્ડનો મુખ્ય ઉદ્દેશ્ય સંસ્કૃત ભાષા અને સાહિત્યમાં ઉપલબ્ધ જ્ઞાન અને દ્રષ્ટિનો પ્રચાર - પ્રસાર કરવાનો છે. સંસ્કૃત ભાષા અને સાહિત્યના અભ્યાસને ઉત્તેજન અને પ્રોત્સાહન આપવાનો છે. સંસ્કૃત ભાષાના લાભ અને અભ્યાસનો સમગ્ર રાજ્યમાં જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષા સુધી પ્રચાર – પ્રસાર કરવાનો છે. સંસ્કૃત ભાષા વિષયક વિવિધ કાર્યક્રમો માટે વિવિધ સંસ્થાઓ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ, અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ તેમજ શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા ન હોય તેવા વિદ્યાર્થીઓને પણ પ્રવૃત્તિઓમાં સાંકળીને રાજ્યના સમસ્ત યુવા સમુદાયને જોડવાનો છે. તાલીમ, શિબિર, પરિસંવાદ, વર્કશોપ, પ્રદર્શન પરિષદો વગેરેનું આયોજન કરવાનો છે. સંસ્કૃત ભાષા ક્ષેત્રે અભ્યાસ અને સંશોધનની જરૂરિયાત અંગે ભલામણ તેમજ સાહિત્યના પ્રકાશનનું આયોજન કરવાનો છે. વૃધ્ધો, મહિલાઓ, પ્રૌઢ, બાળકો તથા તમામ વયજૂથને અનુરૂપ સંસ્કૃત ભાષા વિષયક કામગીરી કરવાની રહેશે. રાજ્યના યુવાનો સંસ્કૃત ભાષાના અભ્યાસમાં રસ – રુચિ લેતા થાય, સંસ્કૃત ભાષાનું મહત્વ સમજે તે મુજબના



Scanned with CamScanner

કાર્યક્રમો કરવાના છે. આ કાર્યક્રમો માટે ગુજરાત રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને આપના દ્વારા જરૂરી જાણ તેમજ સૂચના આપવા વિનંતી છે.

જુલાઇ અને ઓગષ્ટ માસમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા સંસ્કૃત શિક્ષક (ભાષા શિક્ષક) તેમજ સંસ્કૃત અનુરાગીઓ બોર્ડની કામગીરીથી જાણકાર થાય તેવા-ઉમદા ઉદ્દેશ્યથી જિલ્લા કક્ષાએ ધોરણ ૯ થી ૧૨ના સંસ્કૃત શિક્ષકો માટે 'સંસ્કૃત શિક્ષક કાર્યશાળા'નું આયોજન કરવા જઇ રહ્યા છીએ. તો તે કાર્યક્રમ અસરકારક રીતે થાય તે માટે ગુજરાત રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને આ બાબતની જાણ કરવા હાર્દિક વિનંતી છે.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના સંકલન માટે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના મદદનીશ અધિકારી શ્રી પુલકિત જોશીનો ૯૪૨૯૦૮૮૯૮૮ પર સંપર્ક કરવાનો રહેશે.

ડૉ. કે.કે.કરકર,
ખાસ ફરજ પરના અધિકારી (OSD)
ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ,
સેક્ટર – ૧૨, ગાંધીનગર

પરીપત્ર નં - ૭૩૭

ક્રમાંક:યજન/સંસ્કૃત/૨૦૨૧-૨૨ 15186
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી, તા.૨૦/૦૭/૨૦૨૧

ઉપરોક્ત પત્રની જાણ તથા અમલ સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ.મા.શાળાઓ તમામ
જિ.અમરેલી



Scanned with CamScanner

ઈ-મેઈલ

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૧/૧૨૨૮૪-૮૫

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા. ૧૯/૦૭/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : સંસ્કૃત સપ્તાહ અંતર્ગત માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક તથા તમામ પાઠશાળાઓએ શાળા કક્ષાએ કરવાના થતા કાર્યક્રમો બાબત.

સંદર્ભ : ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગરના જા.નં.:હિ/૨૦૨૧-૨૨/૨૦૮-૨૦૯, તા.૧૨/૭/૨૦૨૧

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા.૧૯/૦૮/૨૦૨૧ થી તા.૨૫/૦૮/૨૦૨૧ દરમિયાન સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં માધ્યમિક-ઉ.માધ્યમિક અને તમામ પાઠશાળાના બાળકો તથા શિક્ષકો માટે પણ સ્પર્ધાઓ નક્કી થયેલ છે. આ ઉપરાંત અન્ય કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવેલ છે. જેની વિગતવાર માહિતી બિડાણમાં સામેલ રાખેલ છે.

ઉક્ત વિગત અન્વયે સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરવા અંગે આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તથા પાઠશાળાઓને જાણ કરવા તેમજ જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણ: ઉપર મુજબ.

(મહેશ મહેતા)
નાયબ શિક્ષણ નિયામક
મહેકમ
ગુ.રા., ગાંધીનગર

**નકલ સવિનય રવાના :**

-ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગ-૩ સર્કલ પાસે, સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર કેમ્પસ, સેક્ટર-૧૨, ગાંધીનગર.

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: ૧૪૧૬
શાખાનું નામ: માધ્યમિક શાખા
તારીખ: ૨૦/૭/૨૨
સહી:

Scanned with CamScanner

O/C


# ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ

ગ-૩ સર્કલ પાસે, સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર કેમ્પસ

સેક્ટર - ૧૨ ગાંધીનગર

Email:-grsbg2020@gmail.com


તા.૧૨/૦૭/૨૦૨૧

જા.નં.હિ/૨૦૨૧-૨૨/ 208-209

પ્રતિ,

કમિશનરશ્રી,

કમિશનર શાળાઓની કચેરી,

બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગુ.રા. ગાંધીનગર.

વિષય: સંસ્કૃત સપ્તાહ અંતર્ગત માધ્યમિક- ઉ.માધ્યમિક તથા તમામ પાઠશાળાઓએ શાળા કક્ષાએ કરવાના થતા કાર્યક્રમો બાબત.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય સંદર્ભે જણાવવાનું કે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડને સરકારશ્રી તરફથી સંસ્કૃતના પ્રચાર-પ્રસાર અને વિકાસની કામગીરી સોંપવામાં આવેલી છે આગામી તા.૧૯/૦૮/૨૦૨૧ થી તા.૨૫/૦૮/૨૦૨૧ દરમ્યાન સંસ્કૃતસપ્તાહની ઉજવણીનું આયોજન બોર્ડ તરફથી થયેલ છે. આ સપ્તાહ દરમ્યાન માધ્યમિક- ઉ.માધ્યમિક તથા તમામ પાઠશાળાઓના બાળકો તથા શિક્ષકો માટે પણ કેટલીક સ્પર્ધાઓ નક્કી કરેલ છે. આ ઉપરાંત પણ શાળા કક્ષાએ કેટલાક કાર્યક્રમો થાય તેવી આશા છે. આ અંગેની વિગતવાર માહિતી આ સાથે સામેલ છે.

દરેક શાળાને આ અંગે જાણ કરતો પત્ર જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા થાય તે માટે આપના દ્વારા ભલામણ કરતો પત્ર કરવા વિનંતી છે.

બિડાણ: (૧)સંસ્કૃત સપ્તાહની માહિતી આપતો પત્ર

ડૉ. કે.કે.કરકર,

ખાસ ફરજ પરના અધિકારી (OSD)

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ,

સેક્ટર - ૧૨, ગાંધીનગર

નકલ સવિનય રવાના:

- સચિવશ્રી,

  શિક્ષણ વિભાગ.

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક:
શાખાનું નામ: માધ્ય
તારીખ: ૨૦|૭|૨૧
સહી:



૧૩|૭|૨૧
ચાવડા કારકુન

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ
ગ-૩ સર્કલ પાસે, સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર કેમ્પસ
સેક્ટર - ૧૨ ગાંધીનગર
Email:-grsbg2020@gmail.com

# સંસ્કૃત સપ્તાહ તા.૧૯/૦૮/૨૦૨૧ થી તા.૨૫/૦૮/૨૦૨૧

## વિશિષ્ટ ઉજવણી:- "સંસ્કૃત- દિન" શ્રાવણી પૂર્ણિમા - રક્ષાબંધન તા.૨૨/૦૮/૨૦૨૧

## શાળા કક્ષાએ કરવાના કાર્યક્રમો અને રાજ્ય સ્તરીય સ્પર્ધાઓની માહિતી

### ### પ્રાર્થના સભામાં ###

૧. દૈનિક પ્રાર્થના, "સંસ્કૃતપ્રાર્થના" ૨. સંસ્કૃતસુવિચાર વાંચન ૩. સંસ્કૃત સુભાષિત - સંસ્કૃત અર્થ સાથે ૪. સંસ્કૃત સમાચાર વાંચન ૫. પ્રતિજ્ઞા વાંચન - સંસ્કૃતમાં ૬. સંસ્કૃત કથા, મહાપુરૂષોના જીવન પ્રસંગો

### ### પ્રતિયોગિતાઓ ###

૧. સંસ્કૃત કથાકથન કે જીવન પ્રસંગ સ્પર્ધા ૨. સુભાષિતગાન, સ્ત્રોત ૩. સ્તુતિગાન સ્પર્ધા ૪. સંસ્કૃત ગીતગાન સ્પર્ધા, ૫. સંસ્કૃત સુલેખન સ્પર્ધા ૬. સંસ્કૃત સૂક્તિ - મુખપાઠ સ્પર્ધા.

ઉપરોક્ત કાર્યક્રમોમાંથી આપની શાળામાં થઇ શકતા કાર્યક્રમો કે સ્પર્ધાઓ યોજી શકાય.

કરેલ કાર્યક્રમનો અહેવાલ Email:-grsbg2020@gmail.com મોકલી આપશો.

### ### રાજ્યસ્તરીય પ્રતિયોગિતાઓ ###

૧.સમૂહ- સંસ્કૃત- ગીત- ગાન- સ્પર્ધા

નિયમો:- ૧. સંસ્કૃત ગીત જ હોવું જોઇએ ( સ્ત્રોત - સ્તુતિ નહીં જ )

૨. સમૂહ ગીત ગાન છે તેથી ઓછામાં ઓછા ૬ અને વધુમાં વધુ ૮ વિદ્યાર્થી ભાઇ-બહેનો ભાગ લઇ શકશે.

૩. સંગીત સાથે ગીત ગાન આવકાર્ય છે.

૪. ગાન ૩ મિનિટથી વધુ ન થવુ જોઇએ. ગીત વિડીયો રેકોર્ડીંગ કરીને બોર્ડને મોકલવાનું છે.

૫. શુદ્ધ સ્પષ્ટ ઉચ્ચારથી ગીત ગવાવું જોઇએ.

૬. યોગ્ય આરોહ - અવરોહ સાથે સસ્વર ગીતગાન આવશ્યક છે.

૭. નિર્ણાયકોનો નિર્ણય અંતિમ રહેશે.

સૂચનાઓ:-

૧. ગીત વિડિઓ રેકોર્ડીંગ કરીને બોર્ડને શાળાના પૂરા નામ-સરનામા તથા સંયોજકશ્રી/પ્રધાનાચાર્યના હસ્તાક્ષર સાથે અને ભાગ લેનાર વિદ્યાર્થી ભાઇ-બહેનોના નામ અને ધોરણ સાથે શાળાના પોતાના ઇ-મેઇલ આઇડી પરથી મોકલવાના રહેશે.

૨. રેકોર્ડીંગ વખતે શાળા પોતાનું નામ સરનામાવાળું બેનર સ્પષ્ટ વંચાય તેવી રીતે ઉપયોગમાં લઇ શકશે.



Scanned with CamScanner

૩. ગીત સંસ્કૃતભારતી પ્રકાશિત "ગીતમંજરી", વરતંતુ સંસ્કૃત મહાવિદ્યાલય (સોલા ભાગવત વિદ્યાપીઠ) પ્રકાશિત "પદ્યમાલા" અથવા અન્ય પ્રકાશનોમાંથી કે યુટ્યુબ જેવી અન્ય સોસિયલ સાઇટ પરથી લઇ શકાશે.

૪. બોર્ડને મળેલ ગીતોમાંથી એક થી પાંચ ક્રમે આવેલ સમૂહ – શાળાને યોગ્ય પુરસ્કાર અને પ્રમાણપત્રથી પુરસ્કૃત કરવામાં આવશે.

૫. તમામ સ્પર્ધકોને બોર્ડ તરફથી પ્રમાણપત્ર આપવામાં આવશે.

૬. એક થી પાંચ ક્રમાંકિત ગીતોને કે તે સિવાયના સારા લાગતા ગીતોને સોસિયલ મિડીયામાં મૂકવાનો અધિકાર બોર્ડ પાસે રહેશે.

૭. રેકોર્ડ કરેલ કૃતિઓ શાળા દ્વારા ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડને તા.૧૦/૦૮/૨૦૨૧ સુધીમાં મોક્લી આપવાની રહેશે. ત્યાર બાદ આવેલ કૃતિઓ સ્પર્ધામાં ગણવામાં આવશે નહી.

## કથાકથન સ્પર્ધા

નિયમો:- ૧. કથા...બોધકથા, ઐતિહાસિક પ્રસંગ કથા, મહાપુરૂષની ચરિત્રકથા સંસ્કૃતમાં કહેવાની રહશે.

૨. શુદ્ધ સ્પષ્ટ ઉચ્ચારથી કથા કહેવાની રહેશે.

૩. શબ્દોના ઉચિત આરોહ – અવરોહ અને સહજ અભિનય આવકાર્ય છે.

૪. અઢી થી ત્રણ મિનિટમાં કથા પૂર્ણ કરવાની રહેશે.

૫. નિર્ણાયકોનો નિર્ણય અંતિમ રહેશે.

સૂચનાઓ:-

૧. કથા વિડિઓ રેકોર્ડીંગ કરીને બોર્ડને શાળાના પૂરા નામ-સરનામા તથા સંયોજકશ્રી/પ્રધાનાચાર્યના હસ્તાક્ષર સાથે અને ભાગ લેનાર વિદ્યાર્થી ભાઇ-બહેનોના નામ અને ધોરણ સાથે શાળાના પોતાના ઇ-મેઇલ આઇડી પરથી મોકલવાના રહેશે.

૨. રેકોર્ડીંગ વખતે શાળા પોતાનું નામ સરનામાવાળું બેનર સ્પષ્ટ વંચાય તેવી રીતે ઉપયોગમાં લઇ શકશે.

૩. બોર્ડને મળેલ કથાઓમાંથી એક થી પાંચ ક્રમે આવેલ વિદ્યાર્થીને યોગ્ય પુરસ્કાર અને પ્રમાણપત્રથી પુરસ્કૃત કરવામાં આવશે.

૪. તમામ સ્પર્ધકોને બોર્ડ તરફથી પ્રમાણપત્ર આપવામાં આવશે.

૫. એક થી પાંચ ક્રમાંકિત કથાઓને કે તે સિવાયની સારી લાગતી કથાઓને સોસિયલ મિડીયામાં મૂકવાનો અધિકાર બોર્ડ પાસે રહેશે.

૬. રેકોર્ડ કરેલ કૃતિઓ શાળા દ્વારા ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડને તા.૧૦/૦૮/૨૦૨૧ સુધીમાં મોકલી આપવાની રહેશે. ત્યાર બાદ આવેલ કૃતિઓ સ્પર્ધામાં ગણવામાં આવશે નહી.

Scanned with CamScanner

## સંસ્કૃત શિક્ષકો માટે........

## "સંસ્કૃત માધ્યમેન સંસ્કૃતપાઠનમ્" સ્પર્ધા

- આ સ્પર્ધામાં માધ્યમિક, ઉ.માધ્યમિક અને પારંપારિક પાઠશાળાના શિક્ષકો ભાગ લઇ શકશે.
- શિક્ષકોએ પોતાની નિયુક્તિ જે વિભાગમાં હોઇ તે વિભાગમાં પ્રવર્તમાન પાઠ્યપુસ્તકો પૈકી કોઇ એક એકમ કે તેનો નાનો ભાગ પસંદ કરી તેનું શિક્ષણ કાર્યો કરવાનું રહેશે.
- સંસ્કૃત એકમનું શિક્ષણ કાર્ય સંસ્કૃત માધ્યમમાં જ કરવાનું રહેશે.
- આઠ થી દશ મિનિટમાં સમયમાં જ પોતાનો પાઠ પૂર્ણ કરવાનો રહેશે.
- ભાગ લેનાર શિક્ષકે પોતાના પાઠનું રેકોર્ડીંગ કરી મોકલી આપાવાનું રહેશે. તેની સથેના પત્રમાં શિક્ષકની પૂર્ણ વિગત નામ, વિદ્યાલયનું નામ, ડાયસ કોડ, તાલુકો, જિલ્લો, કયા ધોરણના કયા એકમને પસંદ કર્યો છે - તે વિગતો આપવાની રહેશે.
- પોતાની શાળામાં અથવા પોતાના અનુકૂળ સ્થાનમાં, શાળાના નામ - સરનામાવાળા બેનર સાથે રેકોર્ડીંગ કરી શકાશે. તેમજ તેમાં વિદ્યાર્થીઓને સામેલ કરવાના રહેશે.
- એકમના સ્પષ્ટીકરણ માટે જરૂરી પાઠ્યોપકરણોનો ઉપયોગ આવકાર્ય રહેશે.
- શાળામાં વિદ્યાર્થીઓ હાજર રાખી શકાય તેમ ન હોય તો શાળાના અન્ય શિક્ષકોને વિદ્યાર્થી તરીકે બેસાડીને શિક્ષણ કાર્ય કરી શકાશે.
- આપનાર પાઠમાં માત્ર 'આદર્શ વાંચન' ને શિક્ષણ કાર્ય ગણવામાં આવશે નહી. વિદ્યાર્થીઓને વધારે પ્રમાણમાં ભાગ લેવા પ્રવૃત્ત કરવામાં આવે તે જરૂરી છે.
- રેકોર્ડ કરેલ પાઠ શાળા દ્વારા ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડને તારીખ ૧૦/૦૮/૨૦૨૧ સુધીમાં મોકલી આપવાના રહેશે. ત્યારબાદ આવેલ પાઠને સ્પર્ધામાં ગણવામાં આવશે નહી.
- સ્પર્ધા માટે મોકલવામાં આવેલ તમામ કૃતિઓનો ઉપયોગ કોઇપણ સ્વરૂપમાં કરવાનો બોર્ડનો અધિકાર રહેશે.
- એકથી પાંચ ક્રમાંક પ્રાપ્ત કરનાર સ્પર્ધકોને યોગ્ય પુરસ્કારર્થા તથા પ્રમાણપત્ર આપીને પુરસ્કૃત કરવામાં આવશે અને અન્ય સહભાગીઓને પ્રમાણપત્ર બોર્ડ તરફથી આપવામાં આવશે.

Scanned with CamScanner